ભરૂચને 1350 કરોડના વિકાસ પ્રોજેક્ટની ભેટ

અંકલેશ્વર-રાજપીપળા હાઈસ્પીડ કોરિડોર અને એર સ્ટ્રીપ ફેઝ-2 સહિતના મેગા પ્રોજેક્ટ્સનું CM ભૂપેન્દ્ર પટેલે ખાતમુહૂર્ત કર્યું

ભરૂચઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શનિવારે ભરૂચના ઝાડેશ્વર ખાતે આયોજિત 'વિકાસ ઉત્સવ'માં જિલ્લાને રૂ.1350.68 કરોડના 139 વિકાસ પ્રકલ્પોની ભેટ આપી હતી. આમાં રૂ.1248.57 કરોડનાં 73 નવાં કામોનું ખાતમુહૂર્ત અને રૂ.102 કરોડનાં 66 કામોનાં લોકાર્પણ સામેલ છે.

મુખ્યમંત્રીએ આ પ્રસંગે અંકલેશ્વર-રાજપીપલા હાઈસ્પીડ કોરિડોર (રૂ.760 કરોડ) અને અંકલેશ્વર એર સ્ટ્રીપ ફેઝ-2 સહિતના મેગા પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરાવ્યું હતું. તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાજ્ય સરકારે એવું સુદ્રઢ આયોજન કર્યું છે કે વિકાસનાં કામો માટે નાણાંની ક્યારેય કમી નહીં આવે. વર્ષ-2001માં રાજ્યનું બજેટ માત્ર રૂ.36 હજાર કરોડ હતું, જે આજે વધીને રૂ.4 લાખ કરોડને પાર થઈ ગયું છે. ભરૂચમાં નવા જિલ્લા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સના નિર્માણથી 2 લાખથી વધુ યુવાનોને લાભ મળશે અને 2030માં અમદાવાદમાં યોજાનારી કોમનવેલ્થ ગેમ્સ માટે પ્રતિભાઓ તૈયાર થશે.

તેમણે જંબુસરમાં એક હજાર એકરમાં દેશના પ્રથમ બલ્ક ડ્રગ્સ પાર્કની કામગીરીની પણ વિગત આપી હતી. નર્મદા પરિક્રમાર્થીઓ માટે 8 વિશ્રામ હોલ અને ગ્રામીણ વિસ્તારમાં 64 નવાં પંચાયત ઘરો બનાવવાની જાહેરાત પણ તેમણે કરી હતી. મહેસૂલ વિભાગ દ્વારા રૂ.1.17 કરોડના ખર્ચે નવીનીકરણ પામેલાં 4 જનસેવા કેન્દ્રોનું પણ લોકાર્પણ કરાયું હતું.

આ કાર્યક્રમમાં આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયા, પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલ, ધારાસભ્ય પૈકી રમેશ મિસ્ત્રી, અરુણસિંહ રણા, રીતેશ વસાવા, સાંસદ મનસુખભાઈ વસાવા, જિલ્લા પંચાયત પ્રમુખ મહેન્દ્રસિંહ વાંસદિયા, ભાજપ પ્રમુખ પ્રકાશ મોદી, પૂર્વ પ્રમુખ મારુતિસિંહ અટોદરિયા, પૂર્વ મંત્રી ખુમાનસિંહ વાંસિયા અને અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ભરૂચ મહાનગરપાલિકાનું સ્વપ્ન અધૂરું: સવાલ મુદ્દે મુખ્યમંત્રીએ કહ્યું: એનાથી વધુ કામ કરીશું

ઘણા સમયથી ભરૂચ મહાનગરપાલિકાનો દરજ્જો અપાવવાના સ્થાનિકોનાં સપનાં અધૂરાં રહેવાના હોય એવો અહેસાસ થયો છે. ભરૂચના કાર્યક્રમ દરમિયાન મુખ્યમંત્રીએ ભરૂચના વિકાસ અંગે પ્રશ્ન કરતાં કહ્યું, કેમ બધા શાંત થઇ ગયા! ભરૂચમાંથી જાણવા મળ્યું કે અમે મહાનગરપાલિકામાં રહી ગયા છે. ત્યારે ભૂપેન્દ્ર પટેલે જાણે માર્મિક ટકોર કરતાં કહ્યું કે, અમે તમારા "મહાનગરપાલિકા" કરતાં પણ વધારે કામ કરીશું. પણ તમારી આયોજનબદ્ધ કરવાની તૈયારી જોઈએ. તમે કામ લેતા થાકો જાવ એટલો મજબૂત પાયો દેશના વડાપ્રધાને ફાયનાન્શિયલ તૈયાર કર્યો છે. મુખ્યમંત્રીના આ નિવેદનને ભરૂચ મહાનગરપાલિકાની માંગ કરનારાઓ માટે મોટો ઝટકો માનવામાં આવી રહ્યો છે. તેમના આ બોલથી સ્થાનિક રાજકીય ગલિયારામાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે.

ભરૂચમાં બાળકી સાથે દુષ્કર્મમાં આરોપીની આજીવન કેદ યથાવત્

ભરૂચની નીચલી અદાલતના ચુકાદાને પડકારતી અપીલ ફગાવી દેવાઈ

આરોપીનાં હાડકાંની તપાસમાં 'પાપ' બહાર આવ્યું, 'સગીર' હોવાનો દાવો ઊડી ગયો

ભરૂચઃ પાંચ વર્ષની માસૂમ બાળકી આચરવાના સંવેદનશીલ કેસમાં હાઈકોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. હાઈકોર્ટે આરોપી તબરેઝ અન્સારીની આજીવન કેદની સજા યથાવત રાખી છે અને નીચલી અદાલતના ચુકાદાને પડકારતી તેની અપીલને ફગાવી દીધી છે. ભરૂચની સેશન્સ કોર્ટે વર્ષ-2018માં આ કૃત્ય બદલ 21 વર્ષીય આરોપી અન્સારીને આજીવન કેદની સજા ફટકારી હતી. હાઈકોર્ટે આ ચુકાદાને યોગ્ય ઠેરવતા જણાવ્યું કે નીચલી અદાલતે પુરાવાઓનું ખૂબ જ કાળજીપૂર્વક મૂલ્યાંકન કર્યું હતું. આ ઘટના વર્ષ-2018ની છે, જ્યારે મૂળ બિહારનો રહેવાસી આરોપી તબરેઝ અન્સારી ફરિયાદીના ઘરે બાંધકામ અર્થે ગયો હતો. તેણે ત્યાં રહેલી પાંચ વર્ષની બાળકીને મોબાઈલ ફોનમાં ગેમ બતાવવાની લાલચ આપીને આરોપી ઘરના ધાબા પર લઈ જઈ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું.

બાળકીના દાદા અને દાદી સમયસર બૂમો સાંભળી તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આરોપીને પકડી પાડ્યો હતો. બાદ બાળકીની માતાએ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. આ કેસની સુનાવણી દરમિયાન ભરૂચ કોર્ટે 15 સાક્ષી અને 30 દસ્તાવેજી પુરાવાઓની તપાસ કરી હતી. આરોપીએ પોતાને સગીર હોવાનો દાવો કરતાં શાળા છોડ્યાનું પ્રમાણપત્ર રજૂ કર્યું હતું. જો કે, કોર્ટે આ દાવાની સત્યતા ચકાસવા માટે તેનો ઓસિફિકેશન ટેસ્ટ (હાડકાંની તપાસ) કરાવવાનો આદેશ આપ્યો હતો. મેડિકલ રિપોર્ટમાં સ્પષ્ટ થયું હતું કે આરોપીની ઉંમર 18 વર્ષથી વધુ એટલે કે આશરે 21 વર્ષની હતી, જેથી તે સગીર હોવાનો દાવો ખોટો સાબિત થયો હતો. ઉપરાંત, કોર્ટ સમક્ષ બાળકીની તપાસ કરવામાં આવી ત્યારે તેણે આરોપીને સ્પષ્ટપણે ઓળખી બતાવ્યો હતો. આરોપી તરફથી હાઈકોર્ટમાં દલીલ કરવામાં આવી હતી કે, પ્રોસિક્યુશન શંકારહિત રીતે કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહ્યો છે. જો કે, હાઈકોર્ટે આ દલીલોને પાયાવિહોણી ગણાવીને ફગાવી દીધી હતી. હાઈકોર્ટે પોતાના અવલોકનમાં જણાવ્યું કે નીચલી અદાલતે તમામ પુરાવાઓનું યોગ્ય મૂલ્યાંકન કર્યું હતું, તેથી સજામાં ફેરફાર કરવાની કોઈ જરૂર નથી. હાઈકોર્ટના આ નિર્ણયને બાળકો સામેના જાતીય ગુનાઓ સામે કડક વલણ અપનાવ્યું છે.

મોજી ગામે તાડી વેચતી મહિલા ઝડપાઈ

રાજપીપળાઃ રાજપીપળા પોલીસે પ્રોહિબિશન ડ્રાઈવ દરમિયાન ગત ૧૩ માર્ચે મોજી ગામના પાટિયા પાસે વળાંકમાં એક લીમડાના ઝાડ નીચે બેસીને ગેરકાયદે રીતે તાડીનું વેચાણ કરતી એક મહિલાને ઝડપી પાડી હતી.

રાજપીપળા પોલીસ મથકના અ.પો.કો. રાકેશભાઈ હાનાભાઈ અને તેમની ટીમ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, મોજી ગામના વળાંકમાં એક મહિલા લીમડાના ઝાડ નીચે બેસી પાસ-પરમિટ વગર ખાટી તાડીનું વેચાણ કરી રહી છે. બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખી દરોડો પાડતાં ત્યાંથી અનસોયાબેન અરૂણભાઈ વસાવા (રહે., બીતાડા, તા.નાંદોદ) નામની મહિલા મળી આવી હતી. પોલીસ તપાસ દરમિયાન મહિલાના કબજામાંથી પ્લાસ્ટિકના કારબામાં આશરે ૫ લીટર ખાટી તાડી મળી આવી હતી, જેની કિંમત રૂ.૫૦ અંદાજવામાં આવી છે. આ બનાવમાં પોલીસે તાડીનો જથ્થો સ્થળ પર જ નાશ કર્યો હતો અને નમૂના સીલ કર્યા હતા.

બુજેઠા ચેકપોસ્ટ ઉપર પોલીસની ચકોર નજર: 3 બુટલેગર દારૂ સાથે ઝડપાયા

કાર, દારૂ અને મોબાઇલ મળી રૂ.5.99 લાખનો મુદ્દામાલ જપ્ત

રાજપીપળાઃ તિલકવાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બુજેઠા ચેકપોસ્ટ પાસે એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી એક લક્ઝરી કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ મામલે પોલીસે ત્રણ આરોપીની ધરપકડ કરી કુલ રૂ.5,99,840નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

નર્મદા એલ.સી.બી. ટીમ તિલકવાડામાં પેટ્રોલિંગમાં હતી. ત્યારે ખાનગી બાતમી મળી હતી કે, એક મારુતિ સુઝુકી બલેનો ગાડી નં.(GJ-06-PB-6405)માં દારૂનો જથ્થો નસવાડીથી વડોદરા તરફ જઈ રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે બુજેઠા ચેકપોસ્ટ પાસે નાકાબંધી કરી હતી. દરમિયાન શંકાસ્પદ ગાડી આવતાં તેને અટકાવી પંચોની હાજરીમાં તપાસ કરતાં તેમાંથી રૂ.84,840નો દારૂ મળી આવ્યો હતો. પોલીસે ગાડીમાં સવાર વિનોદભાઈ બંસીભાઈ ભીલ (રહે.,નસવાડી), કિશોરભાઈ જીવણભાઈ કોનણીયા (રહે.,લાઠીદડ,બોટાદ) અને રોહિતભાઈ હરજીભાઈ વરસડા (રહે.,બાબરા)ની ધરપકડ કરી હતી. પોલીસે દારૂના જથ્થા ઉપરાંત 5 લાખની બલેનો કાર અને 3 મોબાઈલ ફોન મળી કુલ રૂ.5.99 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

પકડાયેલા આરોપીઓની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, આ દારૂનો જથ્થો ભાવેશભાઈ મહેશભાઈ ભીલ (રહે.,છેવટ, નસવાડી)એ ભરી આપ્યો હતો અને તે નિલેશભાઈ ભરતભાઈ ઉખરેડિયા (રહે.,લાઠીદડ, બોટાદ) ને પહોંચાડવાનો હતો. પોલીસે આ પાંચેય આરોપી વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કિરણ ઢોડિયા

કીમના ઈન્દિરા શોપિંગમાં મોબાઈલ ફોન ચોરાયો

CCTVમાં અજાણ્યો યુવક કેદ થયો

કીમઃ કીમ ગામમાં ધોળે દિવસે ચોરીની ઘટના બનતાં સ્થાનિક વેપારી આલમમાં ભારે ચકચાર મચી ગઈ છે. કીમ સ્થિત ઈન્દિરા શોપિંગ સેન્ટરમાં આવેલી 'માં કૃપા મોબાઈલ' નામની દુકાનને નિશાન બનાવી તસ્કર કીમતી મોબાઈલ ચોરી કરી ફરાર થઈ ગયો હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

મળતી માહિતી અનુસાર ગત તા.12 જૂનના રોજ સાંજના આશરે 5 વાગ્યાના સુમારે આ ઘટના બની હતી. દુકાન માલિક કોઈ અંગત કામસર થોડા સમય માટે દુકાન છોડીને ઘરે ગયા હતા. આ સમયનો લાભ ઉઠાવી એક અજાણ્યો શખ્સ ગ્રાહકના સ્વાંગમાં દુકાનમાં પ્રવેશ્યો હતો. તસ્કરે નજર ચૂકવી કાઉન્ટર પર રાખેલો અંદાજે 25,000ની કિંમતનો 'Vivo V51 Pro' મોડલનો મોબાઈલ ફોન ચોરી લીધો હતો અને પળવારમાં ત્યાંથી રફુચક્કર થઈ ગયો હતો.

દુકાનદાર પરત ફર્યા ત્યારે મોબાઈલ ગાયબ જણાતા તેમને શંકા ગઈ હતી. આસપાસ તપાસ કરવા છતાં કંઈ ભાળ ન મળતા દુકાનમાં લાગેલા CCTV કેમેરાનાં ફૂટેજ તપાસવામાં આવ્યાં હતાં, જેમાં એક અજાણ્યો યુવક મોબાઈલની ચોરી કરીને ભાગતો સ્પષ્ટપણે કેદ થયેલો જોવા મળ્યો હતો. આ બનાવ અંગે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી છે.

પોલીસે CCTV ફૂટેજ કબજે કરી તસ્કરને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કર્યાં છે. ધોળે દિવસે બજારની વચ્ચે બનેલી આ ઘટનાથી વેપારીઓમાં સુરક્ષાને લઈને ચિંતાની લાગણી વ્યાપી છે.

ભરૂચમાં હથિયાર સાથે એક શખ્સની ધરપકડ

ભરૂચઃ ભરૂચ પોલીસે અયોધ્યાનગર ઝુંપડપટ્ટી, જગન્નાથ મંદિર પાસે રહેતા 26 વર્ષીય હસમુખ મદનભાઈ મારવાડી નામના શખ્સને જાહેરમાં આશરે 2.5 ફૂટ લાંબા લોખંડના પાઈપ (કિંમત રૂ. 100) સાથે ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી પાસેથી હથિયાર રાખવા અંગે કોઈ સંતોષકારક જવાબ ન મળતા પોલીસે તેની અટકાયત કરી હતી.

કોડબામાં બાઈક અકસ્માતમાં નંદુરબારના 2 યુવાનનાં મોત

સ્પીડ બ્રેકર નજરે ન પડતાં બાઈક ઉછળી સીધીમાં દુકાનમાં ઘૂસી ગઈ

સાગબારાઃ સાગબારા-ડેડિયાપાડા નેશનલ હાઈવે પર કોડબા ગામ નજીક આવેલા વળાંકમાં બાઈકને અકસ્માત નડતા ત્રણ મિત્રમાંથી 2 યુવાનના મોત થયા હતા, જ્યારે એક યુવાન ઘાયલ થયો હતો.

સાગબારા પોલીસમથકે નોંધાયેલી ફરિયાદ અનુસાર, અજય ખુમાનસિંગ વળવી (ઉં.વ., આશરે 25, રહે., ઓરપા, તા. અક્કલકૂવા, જિ. નંદુરબાર) બાઈક નંબર GJ 05 KQ 5004 ચલાવી રહ્યો હતો. તેની સાથે મિત્ર નિતેષ મગન વસાવા (ઉં.વ. આશરે 18, રહે., તલાઈ, તા. અક્કલકૂવા), ઈશ્વર વસાવા મળી કુલ ત્રણ મિત્ર બાઈક પર સવાર થઈ સાંજના સમયે ગુજરાત તરફ આવી રહ્યા હતા. આ દરમિયાન સાગબારા નજીક કોડબા ગામના વળાંક પાસે હાઈવે પર મુકાયેલા સ્પીડ બ્રેકર ચાલકને નજરે ન પડતાં બાઈક ફુલ સ્પીડે હોય બમ્પર પરથી ઉછળી સામે સીધી આવેલી દુકાનમાં અથડાઈ હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈકચાલક અજય ખુમાનસિંગ વળવીનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતમાં અન્ય મિત્ર નિતેષ મગન વસાવાને મોઢાના ભાગે તેમજ શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે ફરિયાદી ઈશ્વર વસાવાને છાતીની ડાબી બાજુ, ખભા તેમજ બંને હાથની કોણીઓમાં ઈજાઓ પહોંચી હતી.

સ્થાનિક ગ્રામજનોએ 108 એમ્બ્યુલન્સને જાણ કરતા ઘાયલોને સાગબારા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘાયલ નિતેષ મગન વસાવાને વધુ સારવાર માટે રાજપીપળા ખસેડવામાં આવ્યો હતો, પરંતુ સારવાર દરમિયાન તેણે પણ દમ તોડી દીધો હતો. આમ એક જ બાઈક પર મુસાફરી કરતાં ત્રણ મિત્રમાંથી 2ના કરુણ મોતના બનાવે બંનેના ગામોમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે.

ઉમરપાડાના બીજલવાડી પાસે બાઈક સ્લિપ થતાં મહિલાનું મોત

સુરતઃ ઉમરપાડાના બીજલવાડીમાં બાઈક સ્લિપ થઈ જતાં એક 47 વર્ષીય મહિલાનું મોત નીપજ્યું હતું. ઉમરપાડાના ઉચવાણના વડ ફળિયામાં રહેતા હસમુખભાઈ વસાવાએ પોલીસને જણાવ્યું કે, ગત તા.11/03/2026 ના રોજ તેમનાં માતા મુકુંતલાબેન (ઉં.વ.47) મહેસાણાના ઘુમાસણના ઉમિયાનગરવાસમાં રહેતા રાજેન્દ્રકુમાર જયંતીલાલ પટેલની બાઈક નં.(GJ-19-BP-5504) પર પાછળ બેસીને કેવડીથી બિજલવાડી તરફ જઈ રહ્યાં હતાં. દરમિયાન સ્ટેટ હાઈવે-175 પર જાનિયાભાઈ વસાવાના ખેતર પાસે ચાલકે બાઈક પૂરઝડપે હંકારતાં બાઈક સ્લિપ થઈ જતાં મુકુંતલાબેનને ગંભીર ઈજા પહોંચતાં સુરત સિવિલ હોસ્પિટલ ખસેડાયાં હતાં. જ્યાં ફરજ પરના તબીબે મુકુંતલાબેનને મૃત જાહેર કર્યાં હતાં. માતાની અંતિમવિધિ બાદ પુત્રએ ઉમરપાડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ઓનલાઈન નફાની લાલચમાં કીમના યુવકે 1.30 લાખ ગુમાવ્યા

વિડીયો લાઈક તેમજ બિટકોઈન ટ્રેડિંગના અપડાઉન ક્લિક કરી નફો કમાવવાના નામે ઠગોએ પૈસા પડાવ્યા

કીમઃ ઓનલાઈન વિડીયો લાઈક તેમજ બિટકોઈન ટ્રેડિંગના અપડાઉન ક્લિક કરી નફાની લાલચમાં કીમના યુવકે રૂ.1.30 લાખ ગુમાવ્યા હતા.

ફરિયાદી તુષારકુમાર ગીરીશભાઈ પરમાર (ઉં.વ.27) રહેવાસી કીમ સાઈ રેસિડેન્સી, મૂળદ ગામ, કીમ પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ અજાણ્યા આરોપીઓએ ટેલિગ્રામ આઈડી @itsmearvika^Luno1 (આર્વીકા દેસાઈ) અને @Mayank^Luno88 (મયંક ગુપ્તા) નામે સંપર્ક કરી યુટ્યુબ વિડીયો લાઈક અને સબસ્ક્રાઈબ કરવાના કામ તથા ટ્રેડિંગમાં બિટકોઈનના અપ-ડાઉન પર ક્લિક કરીને 40થી 60 ટકા નફો મળશે એવી લાલચ આપી હતી. આરોપીઓએ પ્રથમ રૂ.1,000 જમા કરાવ્યા બાદ નફો થયો હોવાનું બતાવી રૂ.3,000 તથા પછી ટ્રેડિંગ ઓર્ડર આપતા રૂ.13,500, રૂ.42,500 અને અંતે રૂ.70,000 સુધીની રકમ જુદા જુદા UPI આઈડી પર ટ્રાન્સફર કરાવી હતી. ત્યારબાદ ફરીયાદીને બ્રાઉઝર પર કુલ રૂ. 1,87,000 નફો બતાવવામાં આવ્યો હતો. આખરે વધુ રૂ. 48,000 માંગતા ફરીયાદીએ રકમ ન આપતાં તેના એકાઉન્ટમાં બતાવેલી રકમ "ફ્રીઝ" કરી દેવાનો મેસેજ બતાવી આરોપીઓએ કુલ રૂ.1,30,000ની છેતરપિંડી કરી હતી. આ રકમ ફરીયાદીના બેંક ઓફ બરોડા તથા તેના મિત્રના પંજાબ નેશનલ બેંક ખાતામાંથી ટ્રાન્સફર કરાવવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે કીમ પોલીસે કલમ 316(2), 318(4) તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ કલમ 66(C), 66(D) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

BABS હાઈસ્કૂલની સત્તા મેળવવા ખોટા પત્રો રજૂ કરાયા હોવાનો આક્ષેપ

બારડોલીઃ બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત BABS હાઈસ્કૂલના વહીવટમાં ચાલી રહેલા કથિત વિવાદ અંગે સંચાલક મંડળના સભ્યોએ પત્રકાર પરિષદ યોજી હતી. પ્રમુખ હસમુખ પટેલ અને મંત્રી વ્યોમ પાઠકે દસ્તાવેજી પુરાવા સાથે જણાવ્યું કે, અશેષ બ્રાહ્મણ સમાજના પ્રતિનિધિઓ છેલ્લાં બે વર્ષથી સંસ્થાની શાખને નુકસાન પહોંચાડી રહ્યા છે. આ સભ્યો પર મીટિંગમાં અભદ્ર વર્તન, રજિસ્ટર્સ લઈ ભાગી જવું અને ગેરકાયદે રીતે સત્તા મેળવવા માટે ખોટા પત્રો રજૂ કરવાના ગંભીર આક્ષેપો થયા છે. આ મામલે પોલીસ ફરિયાદ પણ નોંધાઈ છે. હાઈકોર્ટ અને ચેરિટી કમિશનરના આદેશ છતાં, વિવાદિત સભ્યોએ ઓફિસનાં તાળાં તોડી ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. વધુમાં, પોતાના વ્યક્તિગત કોર્ટ કેસોની લાખો રૂપિયાની ફી સંસ્થાના ભંડોળમાંથી ચૂકવી ભ્રષ્ટાચાર કર્યો હોવાનું પણ સામે આવ્યું છે. આ આર્થિક ગેરરીતિઓને કારણે બેંક ખાતા ફ્રીઝ કરવા પડતાં 134 કર્મચારીના પગાર અટવાયા છે, જેના વિરોધમાં કર્મચારીઓએ પણ આ બંને વિરુદ્ધ સત્તા પરથી દૂર કરવા અરજી કરી હોવાનું જણાવ્યું હતું. 117 વર્ષ જૂની શૈક્ષણિક સંસ્થામાં સત્તાલાલસાને કારણે ઊભી થયેલી આ પરિસ્થિતિ હાલ ટોક ઓફ ધ ટાઉન બની છે.

Milano MULTIPLEX
બારડોલી
The Kerala Story 2
10:00am, 12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 10:00pm
Laagni No Melo-Gujarati
01:00pm, 07:00pm
Tere Naam - 04:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

સંક્ષિપ્ત સમાચાર

વાલોડમાં લોક અદાલતમાં 469 કેસનો પરસ્પર સમજૂતીથી નિકાલ કરાયો

વાલોડઃ ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના ટી.આર.દેસાઈ, ચેરમેન, તાપી જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના માર્ગદર્શન હેઠળ સિવિલ કોર્ટ, વાલોડ ખાતે બી.એસ.પરમાર, મુખ્ય સિવિલ જજ વાલોડના નેતૃત્વમાં વાલોડ કોર્ટમાં લોક અદાલત યોજાઈ હતી, જેમાં નાગરિકના, ફોજદારી, બેંક લોન, વીજળી, પાણી, ચેક બાઉન્સના કેસો, પરિવાર, જમીનના દાવા સંબંધિત તથા અન્ય વિવિધ પ્રકારના કેસો મૂકવામાં આવ્યા હતા. વાલોડ કોર્ટમાં અદાલતમાં પ્રિલિટીગેશનના 42 કેસનો નિકાલ થયો હતો. કેસોની સેટલમેન્ટ કુલ રકમ અંકે રૂ.11,92,000 હતી અને લોકઅદાલતમાં કુલ 469 કેસનો નિકાલ કરવામાં આવેલ હતો. જે કેસોની સેટલમેન્ટ કુલ રકમ અંકે રૂ. 21,74,779.87 હતી.

માંડવી કોર્ટમાં લોક અદાલત: ૧૨૦૭માંથી ૫૧૮ કેસનો સમાધાનથી નિકાલ થયો

હિતેશ પટેલ

માંડવીઃ સુરત જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ તાલુકા કાનુની સેવા સમિતિ, માંડવી દ્વારા રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક અદાલતનો શુભારંભ તાલુકા કાનુની સેવા સમિતિના અધ્યક્ષ તથા પ્રિન્સિપલ સિનિયર સિવિલ જજ મનીષભાઈ એમ. બુદ્ધભટ્ટીના હસ્તે સવારે ૧૦:૩૦ કલાકે કરવામાં આવ્યો હતો. લોક અદાલતમાં કોર્ટમાં પેન્ડિંગ કુલ ૧૨૦૭ કેસમાંથી ૫૧૮ કેસનો સમાધાનકારી વલણ અપનાવી નિકાલ કરવામાં આવ્યો હતો. તેમાં નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટ (ચેક બાઉન્સ), ડોમેસ્ટિક વાયોલન્સ, ફોજદારી કેસો તેમજ સિવિલ રિકવરી દાવાઓ જેવા વિવિધ પ્રકારના કેસોનો સમાવેશ થતો હતો. આ કેસોમાં કુલ રૂ.૮૧,૬૪,૪૬૪ની રકમનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. વધુમાં, સ્પેશિયલ સીટિંગ હેઠળ કુલ ૩૧૯ ફોજદારી કેસનો નિકાલ કરવામાં આવ્યો હતો, જેમાં રૂ.૨,૩૭,૯૦૦ જેટલી દંડની રકમ વસૂલ કરવામાં આવી હતી. પ્રિલિટિગેશન હેઠળ કુલ ૨૦૭ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો અને તેમાં રૂ.૧૭,૩૪,૨૦૭નો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

કઠોર સિવિલ કોર્ટમાં લોક અદાલત: 1258 કેસનો નિકાલ કરવામાં આવ્યો

વિશાલ પટેલ

કામરેજઃ કઠોર ખાતે શનિવારના રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાઈ હતી. કઠોર સિવિલ કોર્ટમાં રાષ્ટ્રીય લોક અદાલતનું ઉદ્ઘાટન કઠોર ખાતે ફરજ બજાવતા ન્યાયધીશના હસ્તે અનોખી ઢબે ગ્રીન પર્યાવરણની પહેલના સંદેશા સાથે છોડવાઓને પાણી પીવડાવી કરવામાં આવી હતી. આ લોક અદાલતમાં વિવિધ બેન્કો, ડી.જી.વી.સી.એલ, નગોશિએબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટના કેસો, ક્રિમિનલ કપાઉન્ડેબલ કેસો, ટ્રાફિક ઈ ચલણ વગેરે સમાધાનકારી વલણ અપનાવી ફેસસ કરવામાં આવ્યા હતા. જે પૈકી કુલ 155 કેસમાં સમાધાનકારી વલણ અપનાવી રૂ.3.63 કરોડ ઉપરાંતની રકમની રિકવરી કરવામાં આવી હતી તેમજ સ્પેશિયલ સિટિંગમાં કુલ રૂ.8,93,100નો દંડ વસૂલવામાં આવ્યો હતો. વધુમાં ટ્રાફિક ઈ-ચલણના પ્રી-લિટિગેશનમાં કુલ 3782 કેસોમાં રૂ.49,04,100નો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. આ લોક અદાલતમાં કઠોર ખાતે કુલ 1258 કેસનો નિકાલ કરવામાં આવ્યો હતો. કુલ 1004 કેસ મળીને કુલ રૂ.3.63 કરોડ ઉપરાંતની રકમ પક્ષકારોને અપાવવામાં આવી હતી.

માંડવી ખાતે તાલુકા કક્ષાનો કૃષિમેળો યોજાયો

હિતેશ પટેલ

માંડવીઃ રાજ્યમાં ખેત ઉત્પાદનને વધારવા, નવીન કૃષિ તકનીકો ખેડૂત સુધી પહોંચાડવા અને ખેતી ખર્ચ ઘટાડી ખેડૂતોની આવક વધારવાના આશયથી માંડવી તાલુકામાં મિલેટ્સનું આંતરરાષ્ટ્રીય વર્ષ-૨૦૨૩ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ મીલેટ્સ પાકોનો તાલુકા કક્ષાનો કૃષિ મેળો અને પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ તથા પી.એમ. કિસાન ઉત્સવ દિવસ જિ.પં. સદસ્ય અનિલ ચૌધરીના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ કૃષિ વિભાગની વિવિધ યોજનાઓના લાભાર્થીઓને રોકડ સહાય, સાધન સહાય તેમજ મંજૂરી હુકમોનું વિતરણ અને પ્રગતિશીલ ખેડૂતોને પ્રમાણપત્ર આપી બહુમાન કર્યું હતું. આ અવસરે નાયબ ખેતી નિયામક વી.આઈ પટેલ, માંડવીના કારોબારી સમિતિના ચેરમેન કમલેશ ચૌધરી, સુરત જિ.પં. સદસ્ય અનિલ ચૌધરી, તાલુકા પંચાયત સદસ્ય આતીશ ચૌધરી, રમણભાઈ ગામીત, રાઈસ મિલના મેનેજર પ્રવીણસિંહ મહિડા ઉપસ્થિત રહ્યા હતા.

માંડવીમાં અપહરણના ગુનામાં સંડોવાયેલો વૉન્ટેડ આરોપી ઝડપાયો


હિતેશ પટેલ

માંડવીઃ સુરત ગ્રામ્ય પોલીસની સ્પેશિયલ ડ્રાઈવ અંતર્ગત માંડવી પોલીસે જમ્મુ-કાશ્મીરના અપહરણના ગુનામાં વૉન્ટેડ આરોપી રંજનકુમાર યોગેન્દ્રરામ (ઉં.વ.૨૮)ને ઝડપી પાડ્યો હતો. આરોપી માંડવીના કરંજ ગામમાં છુપાયો હોવાની બાતમી મળતાં પોલીસ ઇન્સ્પેક્ટર સી.બી. ચૌહાણ અને તેમની ટીમે ઓપરેશન હાથ ધર્યું હતું. જમ્મુ-કાશ્મીરના સાંબા જિલ્લાના બડી બ્રહ્મણા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગુનામાં પોલીસે આરોપીની સાથે ભોગ બનનારને પણ શોધી કાઢ્યા હતા. સુરત રેન્જ IG અને SPના માર્ગદર્શન હેઠળ હાથ ધરાયેલી આ કામગીરી બાદ, પોલીસે કોર્ટમાંથી ટ્રાન્સપોર્ટ વોરંટ મેળવી આરોપીનો કબજો જમ્મુ-કાશ્મીર પોલીસને સોંપ્યો હતો.

SAJJAN INSTITUTE OF SCIENCE-ANKLESHWAR
(Affiliated to Veer Narmad South Gujarat University)
Managed by Ankleshwar Environmental Preservation Society
Plot No. 624/B/P/2, Behind AIA Office, GIDC Estate, Ankleshwar 393002.
Mo. 6356009002, Email. aeps.ank@gmail.com

EMPLOYMENT NOTICE
(M.Sc. Organic Chemistry Course)

Sr. No.	Name of the Post	No. of Post Regular	No. of Post Evening	Subject & Faculty
1.	Associate Professor	--	1	M.Sc., Ph.D. in Chemistry/NET/SLET (API Calculation Must)
2.	Assistant Professor	1	--	M.Sc., Ph.D. in Chemistry/NET/SLET
3.	Laboratory Assistant	1	--	M.Sc., Chemistry

Qualification, Pay Scale and Service Condition are as per nomes of UGC Regulation 2018 and Veer Narmad South Gujarat University, Surat. Interested Candidate should apply with their detailed curriculum Vitae along with photographs, attested certificates, mark sheets, and testimonials within 15 days from the date of publication of this employment notice by registered post/ speed post only in favor of Hon. Secretary, Ankleshwar Environmental Preservation Society.

Date : 15/03/2026 Sd/- Hon. Secretary